
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**અમારી પાસે ગરમીનો ઓરેન્જ સિગ્નલ અને રેડ સિગ્નલ એમ બે જ છે... આ બે વપરાયા બાદ તમારે અમારું કામ નહીં પડે... ફક્ત હોસ્પિટલનાં બર્ન્સ વોર્ડ એક્ટીવ કરવા પડશે...!!**

# તારાપુર પાસેથી એકટીવા લઈને જતી યુવતીનું અપહરણ

## ગાડીમાં આવેલા પાંચ શખ્સો મારઝુડ કરીને ઉપાડી ગયા, સિમંધર સીટી પાસે બીજી ગાડીમાં નાંખીને અન્ય ચાર શખ્સો લઈ ગયા : માથાના વાળ પણ કાપી નાંખ્યા : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક આવેલા તારાપુર પાસેથી એકટીવા લઈને જતી અમદાવાદની ૨૩ વર્ષીય યુવતીને ગઈ રાત્રે રોકીને ગાડી લઈને આવેલા પાંચ શખ્સો મારઝુડ કરી અપહરણ કરી ગયા હતા. સીમંધર સીટી પાસે ગાડી ઉભી રાખી ને બીજી એક હોન્ડા સીટીમાં ગાડીમાં યુવતીને નાંખી ગાળાગાળી કરી અમારા બનેવી સાથે કેમ સંબંધ રાખે છે? તેમ કહીને અન્ય ચાર શખ્સો તેને ઉપાડી ગયા હતા. ત્યાર બાદ યુવતીના માથાના વાળ પણ કાપી નાંખ્યા હતા. આ બનાવ અંગે અડાલજ પોલીસ મથકમાં યુવતીએ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના નારણપુરા વિસ્તારની ૨૩ વર્ષીય યુવતી મુળ વિજાપુર વિસ્તારની છે ગઈ રાત્રે નવેક વાગ્યાના અરસામાં આ યુવતી પોતાનું એકટીવા લઈને તારાપુર રોડ પરથી પસાર થઈ રહી હતી તે દરમિયાન એક ગાડીમાં વિજાપુરના પારૂલ પંકજ પટેલ, રીધ્ધી પંકજ પટેલ, અમીત, કેદાર તથા અન્ય એક શખ્સ મળી પાંચ જણ આવ્યા અને મારઝુડ કરી અપહરણ કરીને યુવતીને ગાડીમાં લઈ ગયા હતા. સીમંધર સીટી પાસે તેમણે ગાડી ઉભી રાખી ત્યાં એક હોન્ડા સીટી ગાડી નં. જીજે ૧ એ.આર. ૩૨૫૫ ઉભી હતી જેમાં બેઠેલા ચાર શખ્સોએ તે યુવતીને ગાળાગાળી કરી મારઝુડ કરી ગાડીમાં બેસાડી દીધી હતી. અમારા બનેવી સાથે કેમ સંબંધ રાખે છે? તેમ કહીને તેણીનું અપહરણ કરી લીધું હતું. પોલીસે તેણીને મધરાત્રે મુકત કરાવી હતી. યુવતીએ અડાલજ પોલીસ મથકમાં આ બનાવ અંગે ફરિયાદ નોંધાવી છે. તેણીનું અપહરણ કરીને વાળ પણ કાપી નાંખવામાં આવ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

# દહેગામ-પાનસરની પેટા-ચૂંટણી જૂનમાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં દહેગામ નગરપાલિકાની ખાલી પડેલી એક બેઠક તેમજ જિલ્લા પંચાયતની ખાલી પડેલી એક બેઠકની પેટા-ચૂંટણી જૂનમાં યોજાવાના સંકેતો મળી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લાની દહેગામન નગરપાલિકાની એક બેઠક સભ્યના દુઃખદ અવસાનને લઈ ખાલી પડેલી છે, જ્યારે જિલ્લા પંચાયતની પાનસર બેઠક બે થી વધુ સંતાનો સભ્ય ધરાવતા હોવાથી તેમને સભ્યપદેથી દૂર કરાતાં ખાલી પડેલી છે.

આ બન્ને બેઠકોની પેટા-ચૂંટણી માટે તંત્રએ ધીમી ગતિએ તેની તૈયારીઓ આરંભી દીધી છે અને જૂનમાં બીજા પખવાડિયાના આરંભે અથવા પ્રથમ પખવાડિયાના અંતમાં આ પેટા-ચૂંટણીઓ યોજવા અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ થશે તેમ મનાઈ રહ્યું છે.

આ બન્ને બેઠકોની પેટા-ચૂંટણી માટે મતદાર-યાદી સુધારણાનો કાર્યક્રમ હાલ હાથ ધરવામાં આવ્યો છે અને ૭મી જૂનની આસપાસ આ માટેની મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

મતદારયાદીની પ્રસિદ્ધિ બાદ એકાદ સપ્તાહમાં જ આ ચૂંટણી જંગ માટેની પ્રક્રિયા વેગીલી બનશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે રાજયની અન્ય બે નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી પણ આ પેટા-ચૂંટણી સાથે યોજાય તેવી શક્યતા છે.

## આજે મુખ્યમંત્રી સુરતમાં

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ ગુરૂવાર અને તા. ૨૦ મે, શુક્રવારે દક્ષિણ ગુજરાતમાં ચાર લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પ્રજાકીય પ્રશ્નોનું સ્થળ પર નિવારણ લાવશે. લોકસંવાદ સેતુની આ ચોથી શૃંખલામાં શ્રીમતી આનંદીબહેન ગુરૂવાર તા. ૧૯ મે, એ સુરતના ચોર્યાસી અને ઓલપાડ તાલુકાના લોકસંવાદ સેતુમાં ઉપસ્થિત રહેશે.

મુખ્યમંત્રીશ્રી ગુરૂવારે સાંજે સુરત મહાનગરમાં ઓછી આવક જૂથ અને મધ્યમ આવક જૂથના વર્ગો-પરિવારો માટે નિર્માણ થયેલા કુલ ૬૨૪ આવાસોનું લોકાર્પણ કરવાના છે. તેઓ સુરત શહેરને સ્વચ્છતામાં અવ્વલ બનાવનારા સ્વચ્છતા દૂત સફાઈ કર્મયોગીઓનું પણ જાહેર સન્માન-અભિવાદન કરશે તથા કુલ ૧૬૮ કરોડના શહેરી સુખાકારીના વિકાસકામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે. મુખ્યમંત્રી શુક્રવાર તા. ૨૦મી મે, એ સુરત જિલ્લાના ઉમરપાડા ખાતે તેમજ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર ખાતેના લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં જોડાશે અને માર્ગદર્શન આપશે.

# ચિલોડાના પ્રવેશદ્વારે કાંસની સાફ સફાઈ, ગ્રામજનોમાં રાહતની લાગણી




(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા-ધણપ-પ્રાંતિયા ગામેથી પસાર થતી કાંસ મુખ્યત્વે ચોમાસાના પાણીના નિકાલ માટે ખુબ આશીર્વાદરૂપ ગણાય છે. ત્યારે ઉનાળાના પ્રારંભે ચિલોડા ગામના વિશાળ ગામ તળાવના કિનારેથી પસાર થતી ધણપ-મુઠિયા ગામની કાંસ દ્વારા સાબરમતી નદીમાં પાણીનો વહેતો પ્રવાહ ગામોને રક્ષિત પુરૂ પાડે છે. ત્યારે સિંચાઈ વિભાગ દ્વારા ચિલોડા ખાતેની કાંસની સાફ સફાઈ જેસીબી મશીન દ્વારા કરવામાં આવી હતી. પરિણામે ચિલોડા ગામના પાદરે વહેતુ ધસમસતુ ચોમાસાનું પાણી સહેલાઈથી પસાર થશે પરિણામે કોઈપણ પ્રકારના ચોમાસાના પાણીનો વહેણ સરળતાથી વહી જશે. પરિણામં ગામજનોને ઘણી રાહત થાય તેવી કામગીરીથી સંતોષ વ્યક્ત કરી રહ્યા છે. આમ કાંસની સાફસફાઈ સાથે કાંસની આજુબાજુ પાળો કરવાથી કાંસ પહોળી અને ઊંડી થતાં ચોમાસુ પાણી વહે તો નદીનું રૂપ બનતા ઘણી રાહતની લાગણી પ્રસરી જવા પામી છે.

## ટીંટોડામાં ફૂડ પોઈઝનીંગ

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામમાં ફૂડ પોઈઝનીંગને કારણે પાંચ દર્દીઓને ઝાડા-ઉલ્ટી થતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

ટીંટોડા-પુન્દ્રાસણ માર્ગ પર દંતાણી પરિવારના સભ્યોએ દૂધીનો હલવો ખાતાં આ ફૂડ પોઈઝનીંગની ઘટના બની હતી. ગઈકાલે લગ્ન સમારોહમાંથી આ દૂધીનો હલવો લાવ્યા હતા અને તે ખાતાં આજે બપોરથી આ પરિવારના સભ્યોને ઝાડા-ઉલ્ટી શરૂ થયા હતા.

જો કે હીટવેવને પગલે તંત્રએ ગામમાં પણ સર્વેલન્સની કામગીરી શરૂ કરી છે અને મોડી સાંજે જિલ્લાના આરોગ્ય તંત્રના અધિકારીઓ ટીંટોડા પહોંચ્યા હતા. વિરાતલાવડીમાં હજુ આજે પણ વધુ પાંચ સાદા ઝાડાના કેસ નોંધાયા હતા. જો કે ગામમાં પાણીના લિકેજીસ રિપેર થઈ ગયા છે તેમજ ટેન્કરથી જ પાણી પુરવઠો અપાઈ રહ્યો છે. જે દર્દીઓના સેમ્પલ કોલેરાની ચકાસણી માટે મોકલ્યા હતા તેનો રિપોર્ટ નેગેટીવ આવતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

## ખૂણે ખાંચરેથી...

- ગુજરાતમાં વધી રહેલ ગરમીના પ્રકોપને ધ્યાને રાખી આરોગ્ય વિભાગે શનિવારે સેટકોમની મદદથી હીટવેવ અંગેનો ખાસ કાર્યક્રમ યોજવાનો નિર્ણય લીધો છે અને તે સમગ્ર રાજ્યમાં પ્રસારિત કરાશે.
- ગરમીનો પ્રકોપ વધતાં ઈલેક્ટ્રીક લાઈનોના ટ્રીપીંગની ફરિયાદો ઉઠી છે. બપોરે ૪.૩૦ વાગે સે. ૨૨માં વીજળી જતી રહી હતી તો રાત્રે ૧૧ વાગે સે. ૨૯માં લાઈટો જતી રહેતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.
- સચિવાલય સંકુલમાં જ છેલ્લા ત્રણ દિવસથી ૧૫૦૦ લીટર સરેરાશ છાશનું વેચાણ થાય છે.
- નાગરિક બેંક દ્વારા તેના ગ્રાહકો માટે આજથી મફત છાશ વિતરણ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની અપીલ સમિતિની આજે બેઠક મળી હતી જેમાં ૧૫ થી વધુ કેસ ચલાવવામાં આવ્યા હતા.
- વિરાતલાવડી ગામની આજે સિવિલ હોસ્પિટલની આર.આર. ટીમે મુલાકાત લીધી હતી.

## ધો-૧૨ના વિદ્યાર્થીઓને મેયરના અભિનંદન

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના જાહેર થયેલા પરિણામોમાં ગાંધીનગર શહેરના વિદ્યાર્થીઓ ઉત્તમ ગુણ મેળવીને જ્વલંત સફળતા મેળવેલ છે તે બદલ તમામ વિદ્યાર્થીઓને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી પ્રવિણભાઈ ડી. પટેલ દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ધો.૧૨માં ઝળહળતી સફળતા મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન



- કારકિર્દીના ઉંબરે ડગ માંડવાના સ્વપ્ન સાથે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સફળ **૧ લાખ ૬ હજાર ૩૭૨** વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન...
- જે વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં સફળ થયા નથી તેઓએ નિરાશ કે નાસીપાસ થવાની જરુર નથી. સ્વજનો, સમાજ અને સરકાર તમારી સાથે જ છે. કારકિર્દીના ઘણા વિકલ્પો હજી તમારા માટે ઉપલબ્ધ છે.
- ધો.૧૦ કે ધો.૧૨ પાસ થાઓ તો આગળ જઈ શકાય છે એવું આપ માનો છો, પરંતુ નાપાસ થાઓ ત્યારે બધા દરવાજા બંધ થઈ જાય છે તેવું ન માનો. અનેક ક્ષેત્રો આપના માટે ખુલ્લા છે. નિરાશ થયા વગર આ બધા ક્ષેત્રોમાં હાથ અજમાવો, જરુર સફળતા મળશે.



**શ્રીમતી આનંદીબેન પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

**સ્વામી વિવેકાનંદજીના "ઉઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી થોભો નહિ" સૂત્રને સાર્થક બનાવીએ**

Visit http://www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official www.twitter.com/infogujarat